ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૪૦.૫ ડીગ્રી
લઘુતમ : ૧૭.૦ ડીગ્રી
ભેજ
સવારે ૩૬ ટકા ● સાંજે ૨૦ ટકા

# શહેરમાં હોળીના પર્વની ઉજવણીમાં નિરુત્સાહનો માહોલ

## કોરોના સંક્રમણની ભીતિએ સરકારે લાદેલી ગાઈડલાઈનથી નાગરિકોમાં હતાશાનો માહોલ : હોળીએ ઉજવાતા 'જેમ'ના આયોજનમાં સગાસંબંધીઓને નિમંત્રણ આપવાનું ટાળતાં શહેરીજનો : ધાણી-ખજૂર-હારડાંની ઘરાકીમાં પણ ઘટાડો

ગાંધીનગર, તા.૨૭
શહેરમાં એકતરફ ચુંટણીઓનો માહોલ જામી રહ્યો છે અને બીજી તરફ કોરોના પોઝિટીવ કેસોની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે. આ સ્થિતિમાં આવી પહોંચેલું હોળીનું પવિત્ર પર્વ સાવ ફિક્કુંફસ્સ રહે તેવી સ્થિતિ સર્જાવા પામી છે. ફાગણી પૂનમે ઉજવાતી હોળીના પર્વે પાલજ ખાતે ભરાતો મેળો પણ આ વર્ષે રદ કરી દેવામાં આવ્યો છે અને સરકાર દ્વારા હોળી દહનમાં કોવિડ-૧૯ની ગાઈડલાઈનનું પાલન થાય તે માટે આગ્રહ રાખવામાં આવી રહ્યો હોવાને પગલે શહેરીજનોમાં હોળીના પર્વની ઉજવણી માટે નિરુત્સાહી વાતાવરણ જોવા મળી રહ્યું છે. શહેરમાં છેલ્લા એક વર્ષ કરતાં વધુ સમયથી કોરોના સંક્રમણની ભીતિએ તહેવારો અને ઉત્સવનોની ઉજવણી પર લાગેલું ગ્રહણ હજુ પણ મંડરાયેલું છે. હોળીના પવિત્ર દિવસે સમગ્ર વર્ષ દરમિયાન જન્મેલા બાળકો જેમની પહેલી હોળી હોય તેમના 'જેમ' ઉજવવાની પ્રથા હોય છે તેજ રીતે જે નવદંપતિઓની લગ્ન પછીની પહેલી હોળી હોય તે નવવધુઓને પિયર પક્ષ તરફથી હોળીના પ્રસાદ સાથે ભેટ-સોગાદ મોકલવામાં આવે તેમજ નવદંપતિ હોળીના સાતફેરાં ફરી પૂજા અર્ચના કરે તેવા રિવાજ પણ જોવા મળતાં હોય છે. આ રિવાજો સાથે પરંપરાગત પ્રણાલીઓમાં કુટુંબીજનો-સગા વ્હાલા એકત્ર થતાં હોય છે પરંતુ આ વર્ષે કોરોના મહામારીના કારણે આ પ્રસંગોમાં નાગરિકો એકત્ર થવાનું કે નિમંત્રણ આપવાનું ટાળી રહ્યા છે. હોળીનો પ્રસાદ જેમાં હારડાં, ધાણી-ખજૂર વગેરે એકબીજાને આપવા અને જરૂરિયાતમંદોને વહેંચવામાં આવતો હોય છે તેમાં પણ નિરુત્સાહ જોવા મળી રહ્યો છે. શહેરમાં આ વર્ષે હોળી પ્રાગટય તો થશે પરંતુ સરકાર દ્વારા આ દરમિયાન સોશિયલ ડિસ્ટન્સ જાળવાની અને માસ્ક પહેરવા બાબતે કડકાઈ દાખવવાનું વલણ દર્શાવાઈ રહ્યું છે જેના કારણે પણ શહેરમાં હોળી ઉત્સવની ઉજવણીમાં ફિકાશ અનુભવાશે તેવું જણાઈ રહ્યું છે. શહેરના બજારોમાં પણ ધાણી-ખજૂર તથા હારડાં સહિત રંગોની ખરીદીમાં પણ ઘરાકી ઓછી જોવા મળી રહી છે. સરકાર દ્વારા ધુળેટીએ રંગોત્સવ ઉજવવા બાબતે પણ નિયંત્રણો મુકવામાં આવ્યા હોવાથી હોળીના ઉત્સવનો ઉત્સાહ ઓસરતો અનુભવાઈ રહ્યો છે.

### પાલજનો સુપ્રસિધ્ધ મેળો રદ થતાં ગ્રામ્ય વિસ્તારમાં નિરાશા

ગાંધીનગરના પાલજ ખાતે હોળીના પર્વે લોકમેળો ભરાય છે અને હોળી દહન બાદ ધગધગતા અંગારા પર ચાલતા શ્રધ્ધાળુઓને જોવા મોડી રાત્રિ સુધી જનમેદની આ મેળામાં ઉમટી પડતી હોય છે, પરંતુ આ વર્ષે પાલજના સુપ્રસિધ્ધ મેળો યોજવા પર જિલ્લા વહીવટી તંત્ર દ્વારા રોક લગાવી દેવામાં આવી છે જો કે વધતા સંક્રમણ સાથે સરકાર દ્વારા મહાનગર પાલિકાની ચુંટણીઓ યોજવામાં આવી રહી છે. જેથી સરકારની આ બેવડી નીતિ તરફ અનેક નાગરિકોમાં રોષ પણ ઉઠવા પામ્યો છે. પાલજનો મેળો રદ થતાં ગાંધીનગર શહેર ઉપરાંત આસપાસના ગ્રામ્ય વિસ્તારમાં નિરાશા જોવા મળી રહી છે.



### શહેરમાં હવે ઈકો ફ્રેન્ડલી વૈદિક હોળી પ્રાગટયનો ટ્રેન્ડ જોવા મળશે

શહેરમાં હોળી દહનમાં આ વર્ષે વૈદિક હોળી અથવા ઈકો ફ્રેન્ડલી હોળી પ્રગટાવવાનો ટ્રેન્ડ જોવા મળી રહ્યો છે. પર્યાવરણ પ્રત્યે જાગૃત શહેરીજનો હવે હોળી દહનમાં વૃક્ષો કાપીને લાકડાં તથા રબરના ટાયર વગેરે બાળવાનું ટાળવામાં આવી રહ્યું છે અને તેના સ્થાને ગૌવંશના ગોબર છાણાંમાંથી બનેલી લાકડીઓનો ઉપયોગ કરવાના પ્રયોગો અજમાવાશે. કોરોના વાયરસના કહેર પછી હોળી દહનમાં કપૂર, ગાયનું ઘી સહીતના દ્રવ્યો હોમવાથી વાતાવરણ શુધ્ધ અને જંતુનાશક બનાવવા બાબતે જાગૃતિ હવે દિનપ્રતિદિન વધી રહી છે તેજ રીતે ગાયત્રી પરિવાર, આર્ય સમાજ જેવી આધ્યાત્મિક સંસ્થાઓ આ બાબતે સક્રીય બનીને નાગરિકોને વૈદિક હોળી પ્રાગટય માટે પ્રેરિત કરી રહી છે.

### ગાંધીનગરના કલાકાર રાજેશ મહેડુના ગીત-ગઝલ આકાશવાણી પર પ્રસારિત થશે

ગાંધીનગર, તા. ૨૭
'ગાંધીનગરના ગાયક કલાકાર' રાજેશ મહેડુએ ગાયેલા ગુજરાતી ગીત-ગઝલનો કાર્યક્રમ સુગમ સંગીતના કાર્યક્રમ અંતર્ગત આકાશવાણી અમદાવાદ કેન્દ્ર પરથી પ્રસારિત થશે. જેમાં તા. ૨૯મી ફેબ્રુઆરી, ૨૦૨૧ના રોજ સવારે ૭.૨૦ કલાકે હોળીના તહેવારના ગીતો રજૂ થશે જયારે અન્ય ગીત-ગઝલ તા. ૫મી એપ્રિલના રોજ પ્રસારિત થશે.









**કોરોના કેવો ને વાત કેવી?? :** શહેરમાં નાગરિકોને જાણે વધતાં કોરોના સંક્રમણની કોઈ ભીતિ રહી જ નથી તેવા દશ્યો જોવા મળી રહ્યાં છે, મહાનગરપાલિકા સદન ખાતે મિલકત વેરો ભરવા તથા અન્ય દસ્તાવેજી કામકાજ અર્થે ઉમટેલી ભીડમાં સોશ્યલ ડિસ્ટન્સનો બિલકુલ અભાવ જોવા મળી રહ્યો છે પરંતુ માસ્ક યોગ્ય રીતે પહેરવામાં પણ નાગરિકોની ઉદાસીનતા ઉડીને આંખે વળગે તેવી છે. આ પ્રકારના દશ્યો શહેરની સિવિલ હોસ્પટિલ ખાતે લાગેલી લાંબી લાઈનોમાં પણ જોવા મળી રહ્યા છે અને જિલ્લા કલેકટર કચેરી પાછળની સબરજીસ્ટ્રારની કચેરીએ પણ જોવા મળી રહ્યા છે.

## ઉવારસદમાંથી વરલી મટકાનો જુગાર રમાડતા બે શખ્સો ઝડપાયા

ગાંધીનગર, તા.૨૭
ગાંધીનગર નજીક આવેલા ઉવારસદ ગામના રાવળવાસ ખાતે રહેતા બે યુવકોને વરલી મટકાનો જુગાર રમાડતા અડાલજ પોલીસે પકડી પાડ્યા છે. અડાલજ પોલીસ મથકનો સ્ટાફ પેટ્રોલીંગમા હતા, તે દરમિયાન કોન્સ્ટેબલ અજીતસિંહને વરલી-જુગાર અંગે બાતમી મળી હતી. જેથી પોલીસે રેઈડ પાડીને જીગ્નેશ ગફુરભાઈ રાવળના ઘરે બહાર ખુલ્લી જગ્યામાં ખાટલામાં બેઠા બેઠા વરલી મટકાના આંકડા લખવામાં આવી રહ્યા હતા. જેથી પોલીસે ઉવારસદ ગામના જ કમલેશ ઉર્ફે બાબુ હોથાભાઈ રાવળ તેમજ જીગ્નેશ રાવળની ધરપકડ કરી હતી. પોલીસે તેમની પાસેથી રૂ.૭૯૦ રોકડા અને મોબાઈલ ફોન નંગ-૪ મળીને કુલ રૂ.૨૧ હજારનો મુદ્દામાલ કબ્જે કરી બે યુવકો સામે જુગાર ધારા હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## ઘુંઘટ હોટલ પાસે મહિલાને બાઈક ચાલકે અડફેટે લીધા

ગાંધીનગર, તા.૨૭
ગાંધીનગર શહેરના ક-૭ થી રાંધેજા માર્ગ પર ઘુંઘટ હોટલની પાસો આવેલા મહાકાળી મંદિર નજીક તા.૨૪ ના રોજ રાત્રીના ૮ વાગ્યાના અરસામાં માર્ગ ક્રોસ કરવા જતા સમયે મહિલાને બાઈક ચાલકે અડફેટે લેતા મહિલા ગંભીર રીતે ઘાયલ થયા હતા. મહિલાનો સારવાર માટે ગાંધીનગર સિવિલ અને ત્યાંથી વધુ સારવાર માટે અમદાવાદ લઈ ગયા હતા. બનાવ અંગે પ્રભુભાઈ પટેલની ફરીયાદ નોંધી પોલીસો આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ક-૭ થી રાંધેજા માર્ગ પર બંસરી ગ્રીન્સસીટી ખાતે બી-૮૦૪ ખાતે રહેતા રાંધેજા ગામના પ્રભુભાઈ ભગવાનભાઈ પટેલ નિવૃત જીવન પસાર કરી રહ્યા છે. ગત તા. ૨૪ ના રોજ રાત્રીના ૮ વાગ્યાના અરસામાં જમી પરવારીને તેઓ ઘુંઘટ હોટલ પાસે આવેલા મહાકાળી મંદિરે દર્શન કરી બેસવા માટે ગયા હતા. ત્યારબાદ થોડા સમય બાદ તેમના પત્ની મંદિરે બેસવા માટે આવતા હતા. તેઓ માર્ગ ક્રોસ કરવા જતા હતા તે સમયે તોઓનો બાઈક નં.જી.જે. ૦૧.યુ.એસ.૯૪૬૬ નંબરના ચાલકે અડફેટે લેતા ચંદ્રીકાબેન નીચે પટકાયા હતા. તેઓને શરીરે, કપાળના ભાગે તેમજ ડાબા પગે ઈજા થઈ હતી. જેથી ચંદ્રિકાબેનને તાત્કાલીક ગાંધીનગર સિવિલમાં સારવાર માટે લઈ ગયા હતા. ત્યારબાદ અમદાવાદ લઈ ગયા હતા. જયાં તેઓને ડાબા પગે ફ્રેકચર હોવાનું નિદાન થયું છે. બનાવ અંગે પેથાપુર પોલીસ મથકે પ્રભુભાઈ પટેલની ફરીયાદ લઈ આગળની તપાસ હાથ ધરી છે.

## ચિરવિદાય

**● મુક્તિધામ ●**

- **સ્વ. શિંગાના સોનાચાબેન કરશનભાઈ**
  ઉ.વ. ૮૫, સેકટર-૧૭
- **સ્વ. બિહોલા મહેન્દ્રસિંહ નટવરસિંહ**
  ઉ.વ. ૩૫, પાલજ
- **સ્વ. પટેલ જયંતિલાલ બહેચરદાસ**
  ઉ.વ. ૭૫, શિહોલી મોટી
- **સ્વ. પટેલ અંબાબેન ડાહ્યાભાઈ**
  ઉ.વ. ૭૮, વિજયનગર, માણસા
- **સ્વ. સોની મોહીનીબેન વાઘમલભાઈ**
  ઉ.વ. ૫૫, પેથાપુર
- **સ્વ. પ્રજાપતિ લલિતાબેન બળદેવભાઈ**
  ઉ.વ. ૬૭, વાવોલ
- **સ્વ. ઠાકોર અમરતજી ડાહ્યાજી**
  ઉ.વ. ૬૦, રૂપાલ
- **સ્વ. ઠાકોર બેનબા સેંધાજી**
  ઉ.વ. ૭૦, ગોલથરા, કલોલ
- **સ્વ. ત્રિવેદી શિવકુમાર બાલાશંકર**
  ઉ.વ. ૬૨, જાસપુર, કલોલ

**● રુદ્રભૂમિ અંતિમધામ ●**

- **સ્વ. ઠાકોર લલીબેન તખુજી**
  ઉ.વ. ૭૦, કુડાસણ

## ચિલોડા ખાતે શ્રમિક યુવાનનો ગળેફાંસો ખાઈ આપઘાત

ગાંધીનગર, તા.૨૭
ચિલોડા વિસ્તારમાં છાપરામાં રહેતા ૨૫ વર્ષિય શ્રમિક યુવકે અગમ્ય કારણોસર બાવળના ઝાડ પર દોરડાથી ગળેફાંસો ખાઈ જીવનલીલા સંકેલી લીધી હતી. બનાવ અંગે ચિલોડા પોલીસે મૃતદેહનું પીએમ કરાવી વાલી વારસ અંગે શોધખોળ આદરી છે.

પ્રાપ્ત વિગત મુજબ બનાસકાંઠા જિલ્લાનો મુળ રહેવાસી અશ્વિન પુંજાભાઈ ગરાસીયા ચિલોડા ખાતે સુરમ્ય બંગ્લોઝ પાસો આવેલા કાચા છાપરામાં રહેતો હતો. મૃતકના પરિવારમાં માતા અને બહેન છે, અશ્વિન અગાઉ ચિલોડા કાતે આવેલી સાંઈ રેસીડેન્સી ખાતે મુજરી કામ કરતો હતો. જો કે તે દારૂ પીવાની ટેવ ધરાવતો હોવાથી સાઈટ પર થતી માથાકુટને પગલે તેને છુટો કરી દેવાયો હતો. છેલ્લા ઘણા સમયથી બેકાર અશ્વિને શનિવારના રોજ સુરમ્ય બંગ્લોઝની પાછળ આવેલી ઝાડી વિસ્તારમાં આપઘાત કરી લીધો હતો. યુવકના મૃતદેહ પાસેથી તેના કોઈ યુવતિ સાથેના ફોટો મળી આવ્યા હતા. બનાવ અંગે ચિલોડા પોલીસ મથકના હેડ કોન્સ્ટેબલ મોહનભાઈ સહિતનો કાફલો ઘટના સ્થળે દોડી ગયો હતો. મૃતક યુવાને કયાં કારણોસર આપઘાત કર્યો છે, તે અંગે હજુ સુધી કોઈ માહિતી સામે આવી નથી. કારણ કે યુવકની માતા અને બહેન છેલ્લા કેટલાક દિવસથી કયાંક જતા રહ્યા છે. પોલીસે હાલ મૃતક યુવાનનો મૃતદેહ કોલ્ડ રૂમમાં મુકીને માતા અને બહેનની શોધખોળ આદરી છે. ત્યારબાદ યુવક પાસેથી મળી આવેલા ફોટો કોનો છે અને તેણે કયા કારણોસર જીવનલીલા સંકેલી લીધી તેનું સાચુ કારણ બહાર આવી શકે તેમ છે.

## આત્મન ફાઉન્ડેશન દ્વારા અગરિયા શ્રમિકોને જરૂરી ચીજ-વસ્તુઓનું વિતરણ






ગાંધીનગર, તા. ૨૭
ગાંધીનગરની સેવા કાર્યો કરતી સંસ્થા આત્મન ફાઉન્ડેશન દ્વારા સુરેન્દ્રનગર જિલ્લાના ખારાઘોડા વિસ્તારના રણમાં મીઠું પકવતા અગરિયા શ્રમિકોને જરૂરી ચીજવસ્તુઓનું વિતરણ કરવામાં આવ્યું હતું. ક્યાંય કોઈ વૃક્ષો નહીં, ધૂળની ડમરીઓ, કાતિલ પવન, આકરો તાપ -- છતાં તેઓ પોતાનું ગુજરાન ચલાવવા આ વ્યવસાય સાથે નિષ્ઠાથી જોડાયેલા રહી કામ કરે છે. સંવેદનાનો સાદ તો આપી શકાય! પ્રેમનો હોંકારો પાડી શકાય. આ ભાવથી તાજેતરમાં આત્મન સંસ્થા દ્વારા તા. ૨૬-૩-૨૦૨૧ એ અગરિયા પરિવારોને ૧ કિલો ગોળ, ૧ કિલો મગ, દેશી ચણા (કઠોળ), તેલના પાઉચ, બાળકોને અને બહેનોને બિસ્કીટ તથા સ્લીપર, દરેક પરિવારને તાજું શાકભાજી - આ રીતે વસ્તુ વિતરણ કરવામાં આવ્યું હતું. આ સેવા કાર્યમાં સંસ્થાના પ્રજ્ઞા પટેલ, પ્રો.રાજેન્દ્રસિંહ વાઘેલા (માણસા), તુળજારામ મહેશ્વરી, અગરિયા હિત રક્ષક મંચના કાર્યકર ભરતભાઈ સોમેરા, સ્થાનિક શિક્ષકો વગેરે જોડાયા હતા. અગરિયા ભાઈ બહેનો સાથે બધાએ વાર્તાલાપ પણ કર્યો હતો.

## જે. બી. પ્રાથમિક શાળા દ્વારા વાલી બહેનો માટે ઓન લાઈન વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન

ગાંધીનગર, તા. ૨૭
સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રી જે. બી. પ્રાથમિક શાળામાં તા. ૨૩-૦૩-૨૦૨૧ને મંગળવારના રોજ મહિલા દિન અંતર્ગત ધોરણ ૪નાં વિદ્યાર્થીઓનાં વાલી બહેનો માટે નોનફાયર કુકીંગ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યુ હતું. જેમાં ૨૫ જેટલી વાલીબહેનોએ ખૂબ જ ઉત્સાહપૂર્વક ભાગ લઈ વિવિધ પ્રકારનાં સ્વાદીષ્ટ રાયતા, ગ્રીન સલાડ, ફળ-ફળાદી અને ફણગાવેલા વિવિધ કઠોળ દ્વારા થાળીને સજાવી પૌષ્ટિક ડીશ તૈયાર કરી હતી. ધોરણ ૫નાં વિદ્યાર્થીઓનાં વાલી બહેનો માટે રંગોળી બનાવવાની પ્રવૃત્તિનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૨૫ જેટલી વાલીબહેનોએ ખૂબ જ ઉત્સાહપૂર્વક ભાગ લઈ સુંદર રંગોળી બનાવી હતી. જ્યારે ધોરણ ૬નાં વિદ્યાર્થીઓનાં વાલી બહેનો માટે વેસ્ટમાંથી પગલૂછણીયું બનાવવાની પ્રવૃત્તિનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૭ જેટલી વાલીબહેનોએ ખૂબ જ ઉત્સાહપૂર્વક ભાગ લઈ પગલૂછણીયામાં સુંદર કલાકૃતિનું સર્જન કર્યું હતું.





ઉત્સાહ પૂર્વક ભાગ લેનાર કુલ ૫૭ બહેનોને શાળાની પ્રવૃત્તિમાં ભાગ લેવા બદલ શાળાના આચાર્યા શ્રીમતી નીવાબેન પટેલે ખૂબ ખૂબ અભિનંદન પાઠવ્યા છે.

## ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી દ્વારા ચિંતન શિબિર યોજાઈ

ગાંધીનગર, તા. ૨૭
ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી, ગાંધીનગર દ્વારા વનસંશોધન સંકુલ ખાતે ચિંતન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. શિબિરની શરૂઆત દીપ પ્રાગટ્ય યુનિવર્સિટીના કુલપતિ શ્રી હર્ષદ પ્ર. શાહે અધ્યક્ષીય ઉદ્‌બોધન આપ્યું હતું. તેઓએ પોતાના ઉદ્‌બોધનમાં રાષ્ટ્ર નિર્માણમાં યુનિવર્સિટીની ભૂમિકા અને યુનિવર્સિટીના વિકાસમાં અધ્યાપકશ્રીઓને વ્યવહારસૂચિતા પર અર્થસભર અને રસિક વકતવ્ય આપ્યું. અન્ય વકતા તરીકે યુનિવર્સિટીના મા. ઈસી સદસ્ય ડો સંજય ડુંગરાણીજીએ કાર્યોની પ્રસ્તુતિ કરી હતી. પ્રથમ દિવસના અંતે ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના કુલપતિશ્રીના અંગત સચિવ શ્રી યોગેન્દ્ર પટેલે યુનિવર્સિટીની વિસ્તરતી ક્ષિતિજો સંદર્ભે ચર્ચા કરી હતી.





અને સમૂહ પ્રાર્થનાથી કરવામાં આવી હતી. શિક્ષણ વિભાગના વિભાગાધ્યક્ષ અને ચિંતનશિબિરના સંયોજક પ્રો. રણજિતસિંહ પવારે ચિંતનશિબિરની ભૂમિકા સ્પષ્ટ કરી હતી. ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના આપણી ભૂમિકા પર પ્રકાશ પાડ્યો હતો. ચિંતનશિબિરના બીજા સત્રમાં કામધેનુ યુનિવર્સિટીના વિસ્તરણ વિભાગના નિયામક ડો. પ્રવીણભાઈ વાટલિયાશ્રીએ યુનિવર્સિટીના વિવિધ કાર્યોના વિકાસ અને વિસ્તરણ દ્વારા સમાજને લાભ મળી રહે તે સંદર્ભે વિસ્તૃત ચર્ચા કરી હતી. દિવસના ત્રીજા સત્રમાં તમામ વિભાગના અધ્યક્ષશ્રીઓએ ૨૦૨૦-૨૧ દરમિયાન કરેલા ત્યારબાદ યુનિવર્સિટીના કુલસચિવ ડૉ. અશોકભાઈ પ્રજાપતિએ યુનિવર્સિટીના એક્ટ મુજબ ભાવિ યોજનાઓ, ચાર આયામોમાં - સંશોધન, શિક્ષણ, પ્રશિક્ષણ અને વિસ્તરણકાર્યના સંદર્ભમાં ચર્ચા કરી હતી.

## જન્મદિને વધામણી



**પી કે લહેરી**
પૂર્વ મુખ્ય સચિવ, કટાર લેખક
મો. ૯૮૨૪૦ ૮૩૯૬૯



**સંદીપ ચૌહાણ**
સબ ફાયર ઓફિસર
૭૩૮૩૨૦૯૧૧૧



**ગોપાલભાઈ સોમાભાઈ પટેલ**
મો. ૯૪૨૬૩ ૧૭૯૭૩



**ગૌરાંગ પી શર્મા**
મો. ૯૦૩૩૬ ૧૨૦૩૬



**પાર્થરાજ પી શ્રીમાળી**
મો. ૯૬૮૭૮ ૦૪૬૯૮



**એમ. સી. નાયર**
નિવૃત્ત સનદી અધિકારી અને પૂર્વ કલેક્ટર ગાંધીનગર
મો. : ૯૪૨૭૩૧૦૮૮૯



**આધ્યા શૈવલ શાહ**

## ફેકલ્ટી ઓફ એજ્યુકેશનનું ગૌરવ

ગાંધીનગર, તા. ૨૭
N.C.T.E ની ગાઈડ લાઈન પ્રમાણે કેન્દ્રીય વિદ્યાલયો,નવોદય વિદ્યાલય તેમજ આર્મી સ્કૂલમાં શિક્ષક બનવા માટે CTETની પરીક્ષામાં ઉતીર્ણ થવું પડે છે. ચાલુ વર્ષ દરમ્યાન કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન ફેકલ્ટી ઓફ એજ્યુકેશનની આર.એચ. પટેલ ઈંગ્લીશ મીડિયમ બી.એડ. કોલેજ સે-૨૩, ગાંધીનગરના તાલીમાર્થીઓ સ્નેહાસીંગ, નીમા નેર, નેહા ચૌધરી, પંકજ પાંડે, જયદીપ, હર્ષા મુલચંદાની તેમજ કૃપાએ શિક્ષક બનવા માટેની આ પરીક્ષામાં સફળતા મેળવી કોલેજનું ગૌરવ વધાર્યું હતું. કોલેજ પરિવાર વતી તેમણે અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.